Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-17, Issue-1, June-2023

# ગરીબી નિવારણમાં શિક્ષણની ભૂમિકા (ભારતના સંદર્ભે)

**દિપ્તી જિતેન્દ્રકુમાર પ્રજાપતિ**
મદદનીશપ્રાધ્યાપક, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ
ઈ-મેઈલ-prajapatidipti21@gmail.com

***ટૂંકસાર:*** હાલ દુનિયાના વિવિધ દેશોના અર્થશાસ્ત્રીઓ ગરીબીના વિષચક્રમાંથી દેશને કઈ રીતે બહાર લાવવો તે અંગેના પ્રયત્નો કરી રહ્યા છે. ભારત વિશ્વમાં ગરીબીના પ્રમાણમાં ત્રીજા ક્રમે છે. ભારતની કુલ વસ્તીના 29% લોકો ગરીબીરેખા નીચે જીવે છે. આ ગરીબો બજારમાંથી તેમની નીચી આવકના કારણે ખરીદી કરી શકતા નથી. આથી સરકાર દ્વારા શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો ગરીબ વ્યક્તિના જીવનધોરણમાં સુધારો કરી શકાય. સાથે સાથે તેની કૌટુંબિક અને આર્થિક પરિસ્થિતિમાં,તેની ઉત્પાદકતામાં વધારો કરવા મદદરૂપ થઈ શકે. શિક્ષણ એ ગરીબી ઘટાડવાના એક સાધન તરીકે ઉપયોગ થઈ શકે છે. માનવમૂડીની રચના વિના વિકાસ અને ગરીબી ઘટાડવાના ધ્યેયને હાંસલ કરવા અશક્ય છે. વધુમાં વધુ માનવ સંશાધનનો ઉપયોગ કરી ગરીબી નિવારણ કરી શકાય તેમાં શિક્ષણ અગત્યનું પરિબળ છે.

***ચાવીરૂપ શબ્દો :ગરીબી,શિક્ષણ,સાક્ષરતા***

**પ્રસ્તાવના** :- ભારત દેશ મુખ્ય ત્રણ સમસ્યાઓથી ઘેરાયેલો છે. (1)વસ્તી (2)ગરીબી અને (3)પ્રદૂષણ. એમાંથી ગરીબી એ અતિગંભીર સમસ્યા છે. ભારત એ વિકાસની ગતિમાં આગળ વધતો વિકાસશીલ દેશ છે. જે વિકાસમાન દેશમાં આવકની અસમાન વહેંચણી અને આવકનું પ્રમાણ નીચુ જોવા મળે ત્યા ગરીબી પ્રવર્તે છે. 1997ના માનવવિકાસના અહેવાલ પ્રમાણે આર્થિક વિકાસ અને માનવ વિકાસ અનુક્રમે સાધન અને ધ્યેય છે. ભારતની ગંભીર સમસ્યાઓમાંની એક સમસ્યા ગરીબી છે. આયોજનની શરુઆતથી આપણા દેશમાં ગરીબીની સમસ્યાઓને નિવારવા ઘણા બધા પ્રયાસો થઈ રહ્યા છે છતા એ સમસ્યામાંથી બહાર નીકળવુ અઘરુ છે (ત્રિવેદી અને શાહ..2004). ગરીબીના વિષચક્રો,મૂડીની અછત,બજારની અપૂર્ણતા વગેરેને લીધે વાસ્તવિક આવક,બચત અને મૂડીરોકાણ નીચુ રહે છે. જેના લીધે રોજગારીની તકો અપૂરતી રહે છે. પરિણામે દેશનો વિકાસ દર નીચો રહે છે. ગરીબીની સાથે-સાથે વસ્તી વધારો,બેરોજગારી પણ સંકળાયેલા છે. સાક્ષરતાનો દર ગરીબી સાથે સબંધ ધરાવે છે. શિક્ષણ મેળવેલ વ્યક્તિ આર્થિક રીતે પગભર બની પોતાના કલ્યાણની સાથે સાથે સમાજના કલ્યાણમાં પણ વધારો કરે છે. વિકસિત દેશો માનવમૂડીનો વધુમાં વધુ ઉપયોગ કરી દેશના વિકાસમાં વધારો કરે છે. જયારે વિકસતા દેશો કુદરતી સંશાધનોના અપૂરતા ઉપયોગ અને માનવમૂડીના અપૂરતા ઉપયોગના લીધે વિકાસની પ્રક્રિયામાં પાછળ જોવા મળે છે. ભારત જેવા વધુ વસ્તી વાળા દેશમાં માનવમૂડીનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવેતો દેશનો વિકાસઆંક વધુ લઈ જઈ શકાય છે. ભારત દેશમાં 29 % લોકો ગરીબીરેખા હેઠળ જીવી રહ્યા છે. ગરીબી ઘટાડવાના એક ઉપાય તરીકે શિક્ષણ એક અગત્યનું પરિબળ બની રહે છે.

**સાહિત્ય સમીક્ષા:-**

કોઈ પણ વ્યક્તિ માટે શિક્ષણ અને આરોગ્ય ખૂબ જ જરૂરી અને માનવમૂડી માટે મહત્વનું ઘટક છે. જે તેમનું જીવનધોરણ ઊંચું લાવવા માટે મદદરૂપ થાય છે. ખાસ કરીને કુદરતી સંસાધનો, ટેક્નોલોજી અને કૌશલ્યનાં અસરકારક ઉપયોગ માટે માનવમૂડી જરૂરી છે. જયારે માનવમૂડીની રચના વિના વિકાસ અને ગરીબી ઘટાડવાના ધ્યેયને હાંસલ કરવા અશક્ય છે. આ અભ્યાસમાં માનવમૂડી અને ગરીબી અગત્યના બની રહે છે Colclough,C.(2005) [2]. ગરીબીના માપન માટે જાહેર સેવા તરીકે શિક્ષણની અગત્યતા જાણવા માટે 2000 પરિવારોનો આર્થિક સર્વે કરવામાં આવ્યો હતો. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે. જાહેર સેવામાં શિક્ષણની સેવાનો લાભ લેતા લાભાર્થીઓની ગરીબીમાં ઘટાડો જોવા મળેલ છે . Shah,A. & Yagnik,J. (2007,Aug) [10]. શિક્ષણ એ પરિવારના મુખ્ય વ્યક્તિની ઉત્પાદકતા અને કમાણીમાં વધારો કરે છે. આમ તેનું આર્થિક ધોરણ ઊંચું લાવવામાં

મદદ કરે છે. Qureshi,S.K. and Arif,G.M. (2011) [9].

બિન કૃષિલક્ષી ઉદ્યોગોમાં શિક્ષણનું સ્તર વધે તેમ-તેમ વેતન અને ઉત્પાદકતાનું પ્રમાણ વધે છે. જયારે બીજી બાજુ કૃષિલક્ષી ઉદ્યોગોમાં પ્રાથમિક શિક્ષણ કૃષિ ઉત્પાદકતામાં વધારો કરવા નોંધપાત્ર રીતે અસર કરે છે Kurosaki,T. (2001) [8]. પરિવારના માથાદીઠ ખર્ચના વધારા કે ઘટાડા માટે પરિવારના સભ્યોનું શિક્ષણનું સ્તર ખૂબ જ મહત્વનું છે. પરિવારમાં થતાં ખર્ચમાં બિન ખાદ્ય વસ્તુઓનો સમાવેશ કરવામાં આવતો હોય ત્યારે સમગ્ર કલ્યાણના દ્રષ્ટિકોણથી શિક્ષણ ખર્ચ સાથે સબંધ ધરાવે છે. વધુમાં શિક્ષણનું સ્તર એ પરિવારની ગરીબ થવાની શક્યતાઓમાં ઘટાડો કરતું નોંધપાત્ર ઘટક છે Jamal,H. (2005) [5]. ભારતના પાંચ રાજ્યોના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી રેખા હેઠળની વસ્તીને મળતી પ્રાથમિક શિક્ષણની સુવિધાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં 5 રાજ્યોના 30 ગામોમાંથી 1354 પરિવારોની 155 સરકારી શાળા અને 46 ખાનગી શાળાનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ગરીબ બાળકોને રાજય તરફથી મળતી સુવિધાના લીધે તેમનું નામાંકનનું પ્રમાણ વધતું જોવા મળ્યું હતું Dholkia,R. & Iyengar,S (2008) [3].

કર્ણાટક રાજ્યના બેલગામ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અધવચ્ચેથી શાળા છોડી જતાં બાળકોનું આર્થિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. બેલગામ જિલ્લાના 10 તાલુકા માંથી 8 તાલુકાઓની 40 શાળાઓનો સર્વે કરવામાં આવેલ હતો. શાળામાં માળખાકીય સુવિધાઓનો અભાવના લીધે તેમજ તેમની ગરીબીના લીધે, કૌટુંબિક જવાબદારીના લીધે અધ વચ્ચેથી શાળા છોડી જવાનો દર ઊંચો જોવા મળ્યો હતો Girija,B (2001) [4]. ગુજરાત રાજયમાં 4 આદિવાસી તાલુકાઓના 40 ગામોની 65 સરકારી શાળાઓનો અભ્યાસ કરવામાં આવેલો હતો. આદિવાસી વિસ્તારમાં રાજય દ્વારા મળતી સેવાનો લાભ ગરીબ વ્યક્તિઓને પહોંચી શકતો નથી જેને કારણે ગરીબીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાતો નથી Kumar,B. (2004) [7].

મણિપુર રાજયના સેનાપતી જિલ્લાની 10 પ્રાથમિક શાળાઓમાં 5 સરકારી અને 5 ખાનગી શાળાઓનો અભ્યાસ કરવામાં આવેલ હતો. ખાનગી શાળાઓ અને સરકારી શાળાઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં સરકારી શાળાઓની મર્યાદાના લીધે વાલીઓ ખાનગી શાળાઓમાં બાળકોને મૂકવા પ્રેરાય છે તે બાબત પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. ગરીબ વ્યક્તિ રાજય દ્વારા મળતી સેવાઓની મર્યાદાને લીધે બજારતંત્રનો આધાર લે છે ત્યારે તેનું આર્થિક સ્તર વધુ કથળતું જોવા મળે છે Bidyalaxami,K. (2016) [1]. આંધ્રપ્રદેશ રાજયના ચિત્તૂર જિલ્લાના પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ચિતૂર જિલ્લામાં શિક્ષક વિધાર્થીઓનું પ્રમાણ, શાળાઓની માળખાગત સુવિધાઓ, બાળકોમાં અપવ્યયનું વધતું પ્રમાણ વગેરે બાબતોની માહિતી મેળવવામાં આવી હતી Jyothi,A. (2020) [6].

ઉપરોકત સાહિત્ય સમીક્ષા પરથી એવું તારણ નીકળી શકે કે ગરીબી અને શિક્ષણ વચ્ચે હકારાત્મક સંબંધ રહેલો છે. સરકાર દ્વારા શિક્ષણ માટે કરવામાં આવતી જોગવાઈથી ગરીબીમાં ઘટાડો કરી શકાય છે.પરંતુ ગરીબ વ્યક્તિને રાજય દ્વારા મળતી સેવાઓની મર્યાદાને લીધે તેઓ બજારતંત્રનો આધાર લે છે ત્યારે તેનું આર્થિક સ્તર વધુ કથળતું જોવા મળે છે. 21 મી સદીમાં સરકાર કલ્યાણ રાજયના ધ્યેયને સ્વીકારે છે. આથી નાગરિકોના હિતોને જાળવી રાખવું એ કલ્યાણ રાજયની મુખ્ય ફરજ બને છે. સરકાર મફત અને ફરજિયાત શિક્ષણથી શિક્ષણના સ્તરમાં વધારો કરી રહી છે. ખાસ કરીને શિક્ષણથી વ્યક્તિના આર્થિક જીવનમાં પરિવર્તન થઈ શકે છે.સાથે સાથે તેના જીવનધોરણમાં પણ સુધારો કરી શકે છે. પ્રાથમિક શાળાઓ અંગેની સંદર્ભસમીક્ષામાં જોવા મળ્યું કે સરકાર દ્વારા 6 થી 14 વર્ષનાં બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવામાં આવ્યું છે એટલે શિક્ષણનો શુદ્ધ જાહેર વસ્તુમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગરીબ વ્યક્તિ કે જે શિક્ષણ માટે ખર્ચ કરી શકતી ન હતી તેઓ આ કાયદા દ્વારા શિક્ષણનો લાભ લઈ શકે ખાસ કરીને કન્યાકેળવણીમાં વધારો કરી શકાય અને ડ્રોપ આઉટદરમાં ઘટાડો કરી શકાય. ગ્રામ્ય વિસ્તારમાં આ સરકારી સેવાઓનો લાભ મહદઅંશે લોકો લે છે.

આ સેવાના હકારાત્મક પાસા તરીકે શાળામાં બાળકો માટે મફત પાઠ્યપુસ્તકો, મધ્યાહન ભોજન યોજના, ગણવેશ સહાય, શિષ્યવૃત્તિ વગેરેને કારણે બાળકો શાળામાં આવવા પ્રેરાય છે. એમાં પણ મધ્યાહન ભોજન યોજનાથી તેઓના નામાંકનમાં વધારો થયેલો જોવા મળેલ છે. જયારે નકારાત્મક પાસુ

જોઈએ તો શિક્ષકોની અનિયમિતતા તેમજ ગેરહાજરી, શાળાની વર્ગખંડોની બિસ્માર હાલત તથા અપૂરતી સંખ્યા, શિક્ષકોની બિનશૈક્ષણિક પ્રવૃતિનું મોટું પ્રમાણ, શાળાઓમાં બાળકો માટે પીવાના પાણીની અછત તેમજ છોકરા-છોકરીઓ માટે અલગ શૌચાલયની અછત વગેરે પરિબળો શાળાની ગુણવત્તામાં ઘટાડા પાછળ જવાબદાર જણાયા હતા.

**ગરીબી અને શિક્ષણ :** હાલ દુનિયાના વિવિધ દેશોના અર્થશાસ્ત્રીઓ ગરીબીના વિષચક્રમાંથી દેશને કઇ રીતે બહાર લાવવો તે અંગેના પ્રયત્નો કરી રહ્યા છે. ગરીબીની સમસ્યાએ માત્ર ને માત્ર વ્યક્તિને જ ગરીબ બનાવતી નથી પરંતુ સાથે-સાથે દેશને પણ વિકાસના માર્ગે આગળ વધતો અટકાવે છે કારણકે જે દેશનું માનવધન જ ગરીબ હોય તે દેશ સમૃધ્ધ કઇ રીતે બની શકે? તેમ છતા ગરીબી નાબૂદી માટે પાંચમી પંચવર્ષીય યોજનામાં અને તે પછીની પંચવર્ષીય યોજનામાં ગરીબી નાબૂદી માટેની વ્યુહરચના હેઠળ ખાસ કાર્યક્રમો અને યોજનાઓ શરૂ કરવામાં આવી છે. “ગરીબ એટલે જીવન માટે જરૂરી વસ્તુ અર્થાત ન્યુનતમ જરુરીયાત જેમ કે આહાર, રહેઠાણ, વસ્ત્ર પ્રાપ્ત ન હોય તેવી સ્થિતિ અર્થાત જે વ્યક્તિ ન્યુનતમ જરુરીયાતો પણ મેળવી શકતો નથી તેને ગરીબ કહેવામાં આવે છે”. “ખોરાક,કપડા,રહેઠાણ વગેરે જેવી જીવનની પ્રાથમિક જરુરિયાતો તેમજ શિક્ષણ અને તબીબી સારવાર જેવી સેવાઓના અભાવની સ્થિતિને ગરીબ કહેવામાં આવે છે” (પટેલ 1993)

ભારત વિશ્વમાં ગરીબીના પ્રમાણમાં ત્રીજા ક્રમે છે. જયારે દુનિયામાં સૌથી વધુ ગરીબો ભારતમાં જોવા મળે છે. જે આપણને આજુબાજુ જોવા મળતી ઝૂંપડીઓમાં અથવા કચરાના ઢગલા ઉપાડતા જોવા મળે છે. ભારતમાં આવકની અસમાન વહેંચણીના કારણે ગરીબીમાં વધારો જોવા મળે છે. ભારતમાં આયોજનપંચે ગરીબીના પ્રમાણોનો અંદાજ મેળવવા માટે કેલેરીનું ધોરણ અપનાવ્યુ છે. જે મુજબ ગ્રામ્યવિસ્તારમાં 2400 કેલેરી અને શહેરી વિસ્તારમાં 2100 કેલેરી તો વ્યક્તિને મળવી જોઈએ અને આ કેલેરી મેળવવા માટે જે વપરાશી ખર્ચ જરૂરી છે તેને આયોજન પંચ ગરીબી રેખા કહે છે. 2004-05 તેંડુલકર સમિતિના અંદાજ મુજબ ભારતમાં ગરીબીનું પ્રમાણ ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રે અનુક્રમે 41.8% અને 25.7% હતુ. આમ ભારતની કુલ વસ્તીના 37.2% લોકો ગરીબીરિખા નીચે જીવતા હતા. જ્યારે 2011-2012માં ગરીબીનું પ્રમાણ ગ્રામ્ય અને શહેરીક્ષેત્રે અનુક્રમે 25.7 અને 13.7 હતુ. આમ ભારતની કુલ વસ્તીના 21.9% લોકો ગરીબીરિખા નીચે જીવતા હતા.આ માહિતી નીચે પ્રમાણે દર્શાવેલ છે.

**તેંડુલકર સમિતિના અંદાજ મુજબ ભારતમાં ગરીબીનું ટકાવારી પ્રમાણ**

| ગરીબી | 1993-94(%) | 2004-05(%માં) | 2009-10(%) | 2011-12(%માં) |
|---|---|---|---|---|
| ગ્રામ્યક્ષેત્રે | 50.1 | 41.8 | 33.8 | 25.7 |
| શહેરી ક્ષેત્રે | 31.8 | 25.7 | 20.9 | 13.7 |
| સમગ્ર ભારતની વસ્તીના | 45.3 | 37.2 | 29.08 | 21.9 |

**(2011-12 Planning commission)**

NSSO ના 68માં રાઉન્ડ (2011-12) માં સંયુકત કુટુંબદીઠ ખર્ચના આંકડાઓનો ઉપયોગ કરતા તેંડુલકર સમિતિના અંદાજ મુજબ ભારતમાં વર્ષ 2004-05 માં નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ 37.2% હતું જે 2011-12મા 21.9% થયુ હતુ.

ગરીબી અને શિક્ષણ એ એકબીજા સાથે સંકળાયેલ છે. ગરીબ તેમના સંતાનોને શિક્ષણ આપવા માટે જે ખર્ચ કરવું પડે તે કરવાની ઓછી નાણાકીય શક્તિ ધરાવતા હોય છે. તેથી તેમના સંતાનો ઓછું શિક્ષણ મેળવી શકે છે. શિક્ષણના અધિકાર હેઠળ દરેક નાગરિકને શિક્ષણ મળવું જ જોઈએ તે જોવાની જવાબદારી રાજયની છે. ભારત એ વિકસતો દેશ છે. વર્ષ 2011 મુજબ ભારતમાં કુલ 29% વસ્તી ગરીબીરિખા હેઠળ છે. આ ગરીબો બજારમાંથી નીચી આવકના કારણે ખરીદી કરી શકતા નથી. આથી તેની જોગવાઈ રાજય સરકાર કરે છે. પશ્ચિમના વિકસિત દેશોમાં ભૌતિક મૂડીના જથ્થામાં થયેલી વૃદ્ધિની સરખામણી માનવમૂડીમાં થયેલી વૃદ્ધિ ઘણી વધારે જોવા મળે છે અને આર્થિક વિકાસમાં તેનો ફાળો નોંધપાત્ર રહ્યો છે (ત્રિવેદી અને શાહ ,2004).

અમેરીકન અર્થશાસ્ત્રી હરબીશનનાં મત મુજબ વિકાસશીલ દેશોની મૂળભૂત સમસ્યા પાછળ તેમના દેશના કુદરતી સાધનોની અછત નહિ પરંતુ તેમના માનવ સંસાધનનો અપૂરતો વિકાસ જવાબદાર


છે (ગીરજા બી,2001). જમીન,શ્રમ અને ભૌતિક મૂડીના જથ્થામાં જે દરે વધારો થયો તેની તુલનામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધુ વધારો થયેલ છે. જેનું મુખ્ય કારણ માનવમૂડીમાં થયેલ વૃદ્ધિ છે. માનવમૂડીમાં વૃદ્ધિ મુખ્યત્વે સ્વાસ્થ્ય અંગેની સગવડો, કામ દરમ્યાન મળતી તાલીમો, શાળા કોલેજોમાં પ્રાપ્ત થતું શિક્ષણ, પ્રૌઢો માટેનાં અભ્યાસની વ્યવસ્થા અને બદલાતી રોજગારીની તકો અનુસાર શ્રમિકોના સ્થળાંતર શક્ય બન્યા છે (ત્રિવેદી અને શાહ, 2004).સારું શિક્ષણ એ વ્યક્તિની કાર્યક્ષમતામાં વધારો કરી વ્યક્તિગત આવકમાં વધારો કરે છે.

શિક્ષણ પાછળ ખર્ચ કરવાથી માનવમૂડીની ગુણવતા સુધરે છે. શિક્ષણથી માત્ર વ્યક્તિને જ નહી પણ સમાજને લાભ મળે છે. સમાજને થતા બધાજ લાભો માપી શકાતા નથી. શિક્ષણના ચોખ્ખા લાભને માપવા માટે વ્યક્તિના જીવનકાળ દરમ્યાન તેના શિક્ષણ પાછળના ખર્ચને લક્ષમાં લેવામાં આવે છે (ત્રિવેદી અને શાહ 2004). ભારતમાં શિક્ષણ પરનાં જાહેરખર્ચનું પ્રમાણ 1950ના દાયકાથી શરૂઆતના દાયકામાં સ્થિર રહ્યું હતું. 1980ના દાયકામાં તેનું પ્રમાણ મધ્યમ રહ્યું હતું. તો પણ ભારતમાં શિક્ષણ પરનો જાહેર ખર્ચ સૌથી અપૂરતો રહ્યો રહ્યો છે. 2015-16 માં જીડીપીમાં શિક્ષણનો હિસ્સો માત્ર 3.1% જેટલો હતો (પૂરી અને મિશ્રા 2019). વિકસિત દેશોની તુલનામાં વિકસતા દેશ તરીકે ભારતનો જીડીપીમાં શિક્ષણનો હિસ્સો ઘણો ઓછો જોવા મળે છે.

**વિશ્વના દેશોનો શિક્ષણ પાછળ જીડીપીમાં હિસ્સો**

| વર્ષ | 2000 | 2005 | 2010 | 2015 | 2017 |
|---|---|---|---|---|---|
| નૉર્વે | 6.47 | 6.87 | 6.75 | 7.75 | 7.89 |
| આઈસલેન્ડ | 6.45 | 7.36 | 6.98 | 7.51 | 7.65 |
| સ્વીડન | 6.75 | 6.51 | 6.52 | 7.40 | 7.57 |
| સ્વીઝર્લેન્ડ | 4.78 | 5.20 | 4.93 | 5.1 | 5.13 |
| ભારત | 4.32 | 3.18 | 3.28 | 3.10 | ....... |

(સ્ત્રોત:- World Bank Series Data)




ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નૉર્વેમાં સૌથી વધુ શિક્ષણ પાછળ જીડીપીમાં ખર્ચ કરવામાં આવે છે. આઈસલેન્ડ અને સ્વીડનમાં પણ ભારત કરતાં વધુ શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવે છે જયારે ભારતમાં શિક્ષણ પાછળ જીડીપીમાં સૌથી ઓછો ખર્ચ કરવામાં આવે છે. આમ વિકસિત દેશો પાયાની સુવિધાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય વગેરે પાછળ ઘણો ખર્ચ કરે છે. વિકસતા દેશોમાં ઘણી બધી સમસ્યાઓ હોવાથી વિકસિતા દેશો વિકસિત દેશોની તુલનામાં ઘણો ઓછો ખર્ચ કરે છે. વિકસિત દેશો કુદરતી સંશાધનોની સાથે સાથે માનવધનનો પણ કાર્યક્ષમ ઉપયોગ કરે છે. વિકસતા દેશોમાં શિક્ષણનું મૂળભૂત કાર્ય લોકોમાં કૌશલ્યોનો વિકાસ કરવાનો છે.

શિક્ષણના આર્થિક વિકાસમાં ફાળા અંગે ડેનિસન, શુલ્ટ્ઝ, ક્રુગર, હિક્સ, વ્હીલર, સેકેરોપોઉલસ અને મૉરીસ જેવા અનેક નામાંકિત સંશોધનકારોએ અનુભવાશ્રિત અભ્યાસો કર્યા છે. શિક્ષણની પ્રત્યક્ષ અસરોની સરખામણીમાં પરોક્ષ અસરો ઘણી વધારે હોય છે. માત્ર કાચી રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં શિક્ષણના ફાળાનું મૂલ્યાંકન કરી શકાય નહીં. સમગ્ર સમાજના હિતો અને સુખાકારીને અસર કરતાં અનેકવિધ ચલપરિબળોને શિક્ષણ અસર કરે છે. દા.ત. શિક્ષણની એક પરોક્ષ અસર બાળકો માટેની માંગ, સંતતિ નિયમનના સાધનોના ઉપયોગ અને સ્ત્રી પ્રત્યેના વલણો પર થાય છે. આ અસરો પ્રજનનદરો ઘટાડવામાં મહત્વનો ફાળો આપે છે. (ત્રિવેદી અને શાહ 2004). ખાસ કરીને ગરીબ પરિવારોમાં નિરક્ષરતાના લીધે વસ્તી વધુ જોવા મળે છે. શિક્ષણ અને તાલીમનું ઓછું પ્રમાણ દેશમાં અકુશળ અને ઓછી ઉત્પાદકતા ધરાવતા શ્રમિકો ઉપલબ્ધ કરાવે છે.

વર્ષ 2011માં ભારતમાં સાક્ષરતા દર 74.04% હતો. જેમાં 25.6% વસ્તી નિરક્ષર હતી. આજના આ હરિફાઈના યુગમાં નિરક્ષરતા દેશના વિકાસના માર્ગે અવરોધો ઊભા કરે છે. નિરક્ષર વ્યક્તિઓમાં ગરીબીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ભારતમાં હજી 21% લોકો ગરીબી રેખા હેઠળ જીવે છે. ગરીબ વ્યક્તિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી તેમજ લોકો રૂઢિચુસ્ત માનસ ધરાવતા હોવાથી પરિવર્તનો જલ્દી અપનાવી શકતા નથી. ઘણા વિકસિત દેશો આજે વિકાસના માર્ગે આગળ છે. જેના મૂળમાં સાક્ષરતા જોવા મળેલ છે. ભારતના ઘણા સમૃદ્ધ રાજયોના સાક્ષરતા દરના આધારે જોઈ શકાય કે ત્યાં ગરીબીનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે. જે નીચે આપેલ કોષ્ટક પરથી જોઈ શકાય.

| **રાજ્યોના નામ** | **સાક્ષરતાદર %** | **ગરીબીનો દર%** |
|---|---|---|
| | **સમૃદ્ધ રાજયો** | |
| કેરળ | 94.00 | 7.05 |
| મહારાષ્ટ્ર | 82.34 | 17.35 |
| તમિલનાડુ | 80.09 | 11.28 |
| ગુજરાત | 78.03 | 16.63 |
| કર્ણાટક | 75.37 | 20.91 |
| પંજાબ | 75.84 | 8.26 |
| | **પછાત રાજયો** | |
| બિહાર | 61.80 | 33.74 |
| ઉત્તર પ્રદેશ | 67.68 | 29.43 |
| ઝારખંડ | 66.41 | 36.96 |
| ઓરિસ્સા | 72.89 | 32.59 |
| અરુણાચલપ્રદેશ | 65.39 | 34.67 |
| આસામ | 72.19 | 31.98 |

સ્ત્રોત: Hand book of statistics on the Indian Economy ,Reserve Bank of India,2020-21 ,http://censusindia.gov.in




શિક્ષણ એ ગરીબી ઘટાડવાના ઉપાય તરીકે અગત્યનું પરિબળ છે. ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સમૃદ્ધ્ રાજયોમાં સાક્ષરતા દરનો વધારો ગરીબી ઘટાડાના એક ઉપાય તરીકે મહત્વનું યોગદાન આપે છે જેમ કે કેરળ કે જયાં સાક્ષરતા દર 94% છે જયારે તેનો ગરીબીનો દર 7.5% જેટલો છે એ જ રીતે મહારાષ્ટ્ર,તમિલનાડુ,ગુજરાત,કર્ણાટક પંજાબ જેવા સમૃધ્ધ રાજયોમાં પણ સાક્ષરતાનો દર વધુ જોવા મળેલ છે. જયાં સાક્ષરતા દર ઓછો જોવા મળે છે તેવા પછાત વિસ્તારોમાં ગરીબીનો દર વધુ જોવા મળે છે. જેમ કે બિહાર,ઝારખંડ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ વગેરેમાં વધુ ગરીબીનો દર જોવા મળે છે. બિહારમાં સાક્ષરતા દર 61.8% જોવા મળે છે. પછાત રાજયોમાં આજે પણ કુદરતી સંસાધનોનો અયોગ્ય ઉપયોગ,લોકોનું રૂઢિચુસ્ત વલણ, શિક્ષણ અને આરોગ્યની સેવાનો અભાવ, સ્ત્રી સાક્ષરતાનો દર ઓછો, નાની વયે લગ્નો, નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, બેરોજગારીનું વધુ પ્રમાણ, આદિવાસી વિસ્તારોમાં સ્થળાંતરનું વધતું પ્રમાણ વગેરે જેવા પરિબળો અસર કરે છે. સાક્ષરતાનું વધતું પ્રમાણ વ્યક્તિના જીવન પર પણ અસર કરે છે. એમાંય સ્ત્રી સાક્ષરતા ખૂબ જ અસર કરે છે.

આજે ઘણા એવા રાજયો જોવા મળે છે કે જયાંનો નાગરિક નવી ટેકનોલોજીને અપનાવી શકતો નથી. શિક્ષણ શ્રમિકની ઉત્પાદકતા પર પણ અસર કરે છે. તેની આવડત,તેનું જ્ઞાન તેના જીવન ધોરણને ઊંચું લાવવામાં મદદરૂપ થાય છે. તેના વ્યક્તિગત જીવનમાં આવક અને ખર્ચના પાસાને અસર કરે છે. આર્થિક વિકાસમાં શિક્ષણનું યોગદાન જાણવા પશ્ચિમી અર્થશાસ્ત્રીઓ દ્વારા ઘણા બધા સંશોધનો થયેલા છે. તે પૈકી ટોડેરો અને સ્મિથના મતે વિકસિત અને વિકાસશીલ દેશોમાં શિક્ષણ આર્થિક વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે જેમ કે શિક્ષણ શિક્ષકો, પાઠયપુસ્તક છાપકામ ક્ષેત્રે, શાળાના બાંધકામ ક્ષેત્રે, શાળાના ગણવેશ ઉત્પાદક ક્ષેત્રે રોજગારીની તકોના નિર્માણ કરવામાં મદદરૂપ થાય છે. માનવમૂડીનો મહત્તમ ઉપયોગ કરી વધુમાં વધુ વિકાસના ધ્યેયો હાંસલ કરી શકાય છે જેમાં શિક્ષણ એ પાયારૂપ પરિબળ બની રહે છે. ભારત જેવા વિકસતા દેશોમાં જયાં વધુ વસ્તી હોવાથી વધુમાં વધુ માનવધનનો

ઉપયોગ કરી વિકાસ સાધી ગરીબીમાં હજી ઘટાડો કરી શકાય. આમ સરકાર દ્વારા પાયાના શિક્ષણ માટે થતાં પ્રયાસો સાક્ષરતા દરમાં વધારો લાવી શકે છે. આમ ગરીબી અને શિક્ષણ એ એક જ સિક્કાની બે બાજુ કહી શકાય. શિક્ષણ દરેકે દરેક વ્યક્તિને મળવું જોઈએ એ જોવાની ફરજ રાજય સરકારની છે. સરકાર દ્વારા અપાતી આ સુવિધાઓ ગરીબ વ્યક્તિના શિક્ષણમાં વધારો કરી શકે છે.

રાજય દ્વારા વર્ષ 2002માં બંધારણમાં 86માં સુધારાના કાયદામાં કલમ 21/A દાખલ કરવામાં આવી હતી. આ કાયદા અંતર્ગત મૂળભૂત અધિકાર તરીકે 6 થી 14 વર્ષના તમામ બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ છે. કલમ 21/A પ્રમાણે મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો 2009માં સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો 27 ઓગષ્ટ,2010 થી અમલમાં મૂકવામાં આવ્યો હતો. (પૂરી અને મિશ્રા 2019). આમ પાયાનું શિક્ષણ એટલું જ અગત્યનું માધ્યમ બની રહે છે. આમ મફત અને ફરજિયાત શિક્ષણના અમલથી શિક્ષણ અને સાક્ષરતા દર બંને વધારી શકાય તે માટે તેનો વાસ્તવિક અમલ જરૂરી બની રહે છે. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર ઘણું ઓછું જોવા મળે છે ખાસ કરીને એ વિસ્તારોમાં ઘણી સુવિધાઓના અભાવે અને વધુ પડતાં સ્થળાંતરને કારણે શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. જો તેમની સુવિધાઓમાં વધારો કરવામાં આવે તો તેઓનું આર્થિક સ્તર ઘણું ઊંચું લાવી શકાય. બિન કૃષિલક્ષી ઉધોગોમાં જેમ શિક્ષણ વધુ તેમ ઉત્પાદકતાની સાથે સાથે વેતનમાં પણ વધારો જોવા મળે છે જ્યારે કૃષિલક્ષી ઉધોગોમાં શિક્ષણના લીધે નવી નવી ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ વ્યક્તિની માથાદીઠ આવકમાં વધારો કરે છે. ભારત જેવા વિકસતા દેશો કે જ્યાં આજે પણ 60 થી 70% વસ્તી ગામડામાં રહે છે તેઓમાં શિક્ષણનો વધારો તેમના આર્થિક તેમજ સામાજિક સ્તરને ઊંચું લાવવામાં મદદરૂપ બની રહે છે.

**તારણો :**

1) વિકસિત દેશોની તુલનામાં વિકસતા દેશો તરીકે ભારતમાં જીડીપીમાં શિક્ષણ પાછળ ખૂબજ ઓછો હિસ્સો ખર્ચાય છે. ભારત જેવા દેશમાં ગરીબી રેખા હેઠળના કુટુંબોનું આર્થિક સ્તર ઉપર લાવવા માટે હજી આ સુવિધા પાછળ વધુ ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે.

2) રાજય દ્વારા પૂરી પાડવામાં આવતી શિક્ષણની સુવિધામાં ગુણવત્તામાં વધારો કરવામાં આવે તો ગરીબ લોકો આ સુવિધાનો વધુમાં વધુ લાભ લઈ શકે.

3) શિક્ષણ અને ગરીબી એકબીજા સાથે સંકળાયેલા છે. સાક્ષરતાનું ઊંચું પ્રમાણ લોકોના જીવન ધોરણમાં સુધારો લાવવા માટે અગત્યનું પરિબળ બની રહે છે.

4) નિરક્ષર લોકોમાં ગરીબીનું પ્રમાણ વધુ ઊંચું જોવા મળે છે.

5) માનવમૂડીનો મહત્તમ ઉપયોગ વ્યક્તિની સાથે સાથે સમાજના કલ્યાણમાં પણ વધારો કરે છે.

6) મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારથી શિક્ષણ અને સાક્ષરતાંદરમાં ચોક્કસ વધારો કરી શકાય તેની માટે સરકાર દ્વારા તેનો અમલ જરૂરી બને છે.

**સંદર્ભ સૂચિ**

1. Bidyalaxami,K. (2016,March) Problems of Elementary Education in Senapati District of Manipur, India Indian journal of research Volume-5 Issue-3 Retrieved from http://www.doi.org/10.36106/paripex on 17-11-2021.

2. Colclough,C.(2005) Does Education Abroad Help to Alleviate Poverty at Home? An Assessment. The Pakistan Development Review, 44,439-454. Retrieved From https://www.google.com/url?sa=t&source=web&rct=j&url=https://citeseerx.ist.psu.edu/viewdoc/download%3Fdoi%3D10.1.1.688.858%26rep%3Drep1%26type%3Dpdf&ved=2ahUKEwivjY2qiKT0AhUojdgFHUOOD4UQFnoECCIQAQ&usg=AOvVaw1lRigqeNTsdOiK7THQUwHh on 17-11-2021.

3. Dholkia,R. & Iyengar,S (2008,February) Access of Rural Poor to Primary Education in Rural India. Retrieved from http://researchgate.net/publication/5113818 on 16-11-2021

4. Girija,B (2001,December) An Economic analysis of drop outs in Primary Schools. A case study of of Belgaum district, Karnataka. Thesis, Department of Economics, Karnataka University, Karnataka. Retrieved from http://hdl.handle.net/10603/95304 on 17-11-2021.

5. Jamal,H. (2005). In Search of Poverty Predictors. The Case of Urban and Rural Pakistan. The Pakistan Development Review, 44, 37-55. Retrieved from http://researchgate.net/publication/24046447 on 18-11-2021.
6. Jyothi,A. (2020) Problems of Primary Education in Chittoor district, Andhra Pradesh. Indian Journal Of Research, Volume-9, Issue-4. Retrieved from https://www.doi.org/10.36106/paripex on 16-11-2021.
7. Kumar,B. (2004,November) Schools and Schooling in Tribal Gujarat. The Quality **dimension**. (Working Paper No. 150) Retrieved from http://www.gidr.ac.in on 18-11-2021.
8. Kurosaki,T. (2001) Effects of Education on Farm and Non-Farm Productivity in Rural Pakistan. Discussion Paper No. 2001-002, Foundation for Advanced Studies on International Development (FASID). Retrieved from http://researchgate.net/publication/30786447 on 16-11-2021.
9. Qureshi,S.K. and Arif,G.M. (2011) Profile of Poverty in Pakistan 1988-89. MIMAP Technical Paper Series No.5. Pakistan Institute of Development. Retrieved from http://researchgate.net/profile/G_Arif/publication/241765010 on 16-11-2021.
10. Shah,A. & Yagnik,J. (2007,Aug) Estimates of BPL households in rural Gujarat: Measurement, spatial pattern and policy imperatives. (Working paper no.176) Retrieved from http://www.gidr.ac.in on 17-11-2021.
11. ત્રિવેદી અને શાહ(2004) વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર 2004 યુનિવર્સીટી, ગ્રથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજય.
12. ભટ્ટ (2004).જાહેર વિત્તવ્યવસ્થાના સિધ્ધાંત- 2001 યુનિવર્સીટી,ગ્રથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજય.
13.પટેલ(1993) વિકસતા દેશોનું અર્થશાસ્ત્ર, જમનાદાસ પ્રકાસન
14. Puri & Mishra (2019) Indian Economy Thirty Seven Revised & Updated Edision : 2019.